પ્રાકૃતિક વૈભવ - ગાંધીનગરમાં ગરમીની સાથો સાથ પ્રકૃતિનો વૈભવ પણ ખીલે છે... જેમ જેમ ગરમી વધતી જાય તેમ નગરના રાજમાર્ગો પરના વૃક્ષો પર રંગબેરંગી ફુલો ખીલે છે... ખાસ કરીને ૪ નંબરના માર્ગ પર ખીલતા પીળા ફુલોથી પ્રાકૃતિક સૌંદર્યમાં અનહદ વધારો થાય છે... ગાંધીનગર પર પ્રકૃતિના ચારેય હાથ છે... એમ લખવામાં કે કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી... આવનારા દિવસોમાં આ પ્રાકૃતિક વારસાને જાળવવાની મોટી જવાબદારી ગાંધીનગરના સમાજ જીવનની છે...

ગિફ્ટસીટીમાં પ્રથમ તબક્કામાં ૬ લાખ સ્કેવર ફીટ જી.આઈ.ડી.સી. ડેવલપ કરશે

ગિફ્ટ સીટીમાં હાલ ૧૦ હજારથી વધુ લોકો રોજગારી મેળવી રહ્યા છે : સૌરભભાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર નજીક નિર્માણ પામેલ ગિફ્ટ સીટીમાં ટૂંક જ સમયમાં ૬ લાખ સ્કેવર ફૂટ ડેવલપ કરવા માટે જી.આઈ.ડી.સી. દ્વારા ફર્સ્ટ ફેઝનું કામ હાથ ધરવામાં આવશે.

રાજ્યના ઊર્જામંત્રી સૌરભ પટેલે આજે વિધાનસભામાં અરવલ્લી અને ગાંધીનગરમાં જી.આઈ.ડી.સી. અંગે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ હતુ કે આ અંગેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને તે માટેના બિડીંગની તૈયારીઓ ચાલી રહી છે.

રાજેન્દ્રસિંહ ચાવડાએ ગિફ્ટ સીટીને લઈ પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતું કે ગિફ્ટ સીટી ભારત દેશનું સૌથી મોટુ ફાઈનાન્સિયલ હબ ઉભુ થવાના આરે છે. આ માટે ૬૯૦ એકર જમીન ફાળવવામાં આવેલી છે.

તેમણે કહ્યુ કે અહિ ઘણી બધી કંપનીઓ ઓપરેશનલ પણ થઈ ગઈ છે એમાં ટાટા કન્સલટન્સી, બેંક ઓફ બરોડા, ઓરેકલ, ટાટા કેમિકલ, બેંક ઓફ અમેરિકા સહિતની કંપનીઓનો સમાવેશ થાય છે. આજની તારીખમાં ૧૦ હજારથી વધુ લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે. આ સીટીમાં દસ લાખને રોજગારી મળે તેવુ આયોજન છે.

ગિફ્ટ સીટી માટે ખાસ કરીને જે.સી.આર., આઈ.ટી એસો. દ્વારા માંગણી કરવામાં આવી હતી કે નાના ભણેલા લોકોને ગિફ્ટ સીટીમાં ઓફિસ સ્પેસ જોઈતી હોય અને કામગીરી કરવી હોય તે લોકોને તક મળતી નથી. આ પછી જી.આઈ.ડી.સી.એ પહેલ કરી અને ફેઝ-૧માં ૬ લાખ સ્કેવર ફૂટ ડેવલપ કરવાનો નિર્ણય કર્યો છે.

આમાં ટેબલ સ્પેસ કે જે યંગ એન્જીનીયર હોય જે યંગ એન્ટ પ્રિનિયર હોય તેવા લોકોને તક મળશે.

સૌરભભાઈએ એમ પણ જણાવ્યુ હતુ કે રાજ્ય સરકાર ત્રણ રીતથી રોજગારી પૂરી પાડવા ઉદ્યોગોને ડેવલપ કરવા માંગે છે. એક છે લર, બીજી સેઝ અને ત્રીજી જી.આઈ.ડી.સી. અને આ ત્રણેય દ્વારા ઉદ્યોગોના ડેવલપમેન્ટની દિશામાં સારી કામગીરી ચાલી રહી છે.

ડમ્પીંગ સાઈટની ઓચીંતી મુલાકાત લેતા મ્યુનિ. કમિશ્નર

કામગીરીની સમીક્ષા કરી તેમાં ગતિ લાવવા માટે તાકીદ કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાના મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી (ચારણે) આજે શહેરની ડમ્પીંગ સાઈટની મુલાકાત લઈ કચરાના નિકાલની કામગીરી ઝડપી બનાવવા માટે તાકીદ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ડમ્પીંગ સાઈટ પર જે કચરાના ઢગલા ઉભા થયા છે તેના નિકાલ માટે તાત્કાલિક પગલાં લેવા જરૂરી બન્યા હોવાથી કમિશ્નરે આજે ઓચિંતી મુલાકાત લઈ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી તેમાં ગતિ લાવવા માટે તાકીદ કરી હતી.

ગાંધીનગરના ગોંદરે આવેલ સાબરમતી નદી નજીક, સ્મશાનગૃહની પાછળના ભાગમાં ડમ્પીંગ સાઈટ બનાવવામાં આવી છે. પર્યાવરણની દૃષ્ટિએ સાઈટ હાનિકારક છે પરંતુ નવા સ્થળની પસંદગી આખરી ન થાય ત્યાં સુધી તેને ખસેડી શકાય તેમ નથી. જેના કારણે એક દાયકાથી આ સ્થળે કચરો ઠાલવવામાં આવી રહ્યો છે.

તાજેતરમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલની ટીમે અમદાવાદ કોર્પોરેશનની પીરાણા ખાતે આવેલી સાઈટની મુલાકાત લીધી હતી. ગાંધીનગરમાં ગ્રીન અને ક્લીન સિટીના હેતુને પ્રાધાન્ય આપવામાં આવે છે ત્યારે કોઈ ટકોર સાંભળવી ન પડે તે હેતુથી કમિશ્નરે આ મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે.

જો કે એવી પણ વિગતો બહાર આવી છે આગામી થોડાક દિવસોમાં સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત કેન્દ્રીય ટીમ વધુ એક વખત મુલાકાતે આવે તેવી સંભાવના છે. આ સમયે ગાંધીનગરની ડમ્પીંગ સાઈટ પર ઢગલાનો મુદ્દો ઉપસ્થિત ન થાય તે પણ એટલુ જ મહત્વનું હોઈ કમિશ્નરે આજે કામગીરીને ઝડપી બનાવવા તાકીદ કરી છે.

ગાંધીનગર શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં જે રીતે પાછળ ધકેલાયુ છે એટલુ જ નહિ પર્યાવરણ જાળવણી માટેનો એક્શન પ્લાન પણ તૈયાર કરવાની કવાયત ચાલી રહેલી છે ત્યારે મનપાની ડમ્પીંગ સાઈટ મુદ્દો ન બને તેની કાળજી પણ લેવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યુ છે.

વિધાનસભા કેન્ટીનમાં પિરસાયેલ દાળમાંથી જીવડુ નીકળતા ચકચાર

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભાના ભોંયતળિયે આવેલ કેન્ટીનમાં આજે બપોરના સમયે પીરસાતા ભોજનમાં દાળમાંથી જીવડુ નીકળતા ચકચાર મચી જવા પામી હતી.

વાયુવેગે પ્રસરેલી આ વાત પછી ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટ દ્વારા તપાસનો દમધમાટ પણ શરૂ થયો છે. દાળમાંથી જીવડુ નીકળ્યાનો કેન્ટીનના મેનેજરે ખુદ સ્વીકાર કર્યો હતો. જો કે મેનેજરે બચાવ કરતાં જણાવ્યુ હતુ કે આ દાળમાં જીવડુ કદાચ ટેબલ પરથી ચડીને દાળમાં જતુ રહ્યુ હોય તેવી શક્યતાઓ વધુ છે. તેણે દાવો કર્યો હતો કે અમે ખાદ્ય સુરક્ષાની તમામ ચોકસાઈ જાળવીએ છીએ.

હાલ વિધાનસભાનું સત્ર ચાલુ છે અને આ કેન્ટીનમાં અધિકારીઓ, કર્મચારીઓ, જિલ્લાઓમાંથી આવેલા મુલાકાતીઓ તેમજ રાજનેતાઓ ભોજન આરોગતા હોય છે. વિધાનસભા કેન્ટીનમાં જ આ ઘટના સામે આવતાં ફૂડ સેફ્ટી કાયદાના લીરેલીરા ઉડ્યા છે.

તાજેતરમાં જ રાજ્યના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટ પરિપત્ર જાહેર કરી કોર્પોરેશન અને તમામ ડેઝીગ્નેટેડ અધિકારીઓ હોટલ, કેન્ટિન અને રેસ્ટોરાંમાં જઈ રસોડાઓની તપાસ કરવા જણાવાયુ છે.

આ સિવાય ગ્રાહકો પણ રસોડાની સ્થિતિ જોઈ શકે તે માટે બારીઓ અને દરવાજા પણ રાખવાની સૂચનાઓ છે. જેને પગલે કોઈપણ ગ્રાહક હવે રેસ્ટોરન્ટમાં જઈ રસોડાની સ્વચ્છતાની તપાસ કરી શકે છે.

ગાંધીનગરમાં એન્જીનિયરીંગ અને ઈલેક્ટ્રોનીક એસ્ટેટ સ્ટેચ્યુરેટેડ છે

ઈલે. એસ્ટેટમાં ૧૦ હજાર લોકોને રોજગારી મળી રહી છે : સૌરભ પટેલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આકાર પામી રહેલ આઈ.ટી. માર્કેટમાં આજે પણ પ્લોટસ સહેલાઈથી ઉપલબ્ધ બનતા હોવાનો દાવો રાજ્યના મુખ્યમંત્રીશ્રીના ઉદ્યોગ વિભાગના પ્રશ્નનો ઉત્તર આપતાં સૌરભભાઈ પટેલે કર્યો હતો.

અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી. અંગે કોંગીના અશ્વિન કોટવાલે પુછેલા પ્રશ્નના પેટા પ્રશ્નમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા દ્વારા પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે આ દાવો કર્યો હતો.

ડૉ. ચાવડાએ પ્રશ્ન કરતા જણાવ્યુ હતુ કે શહેરમાં નોન પોલ્યુશન યુનિટો શરૂ કરવા જી.આઈ.ટી.સી. થઈ આજે એ જી.આઈ.ડી.સી.માં ઉદ્યોગોના બદલે મોટા ભાગે રેસિડેન્સ બની રહ્યા છે. જી.આઈ.ડી.સી.માં ખરેખર કેટલા યુનિટો સ્થાપવાના હતા ? અને હાલ કેટલા યુનિટો બંધ પડેલા છે.

મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ગાંધીનગરમાં ગાંધીનગર ઈલેક્ટ્રોકનીક એસ્ટેટ છે. જેની અંદર જે ઈન્ડસ્ટ્રીઝ છે તેમાં ૧૦,૧૩૦ લોકોને રોજગારી મળી રહી છે. ૬૫૦ પ્લોટ એલોટ કરવામાં આવ્યા છે અને નોન યુટિલાઈઝ પ્લોટ જે હાલ ખાલી છે તે ૫૯ છે. હાલ એસ્ટેટ સ્ટેચ્યુરેટેડ છે.

ગાંધીનગરની એન્જીનીયરીંગમાં ૩૦ હેક્ટરની એસ્ટેટ છે જે પણ સ્ટેચ્યુરેટેડ છે. અહિ એન્જીનીયરીંગ અને ફેબ્રીક્સ ઈન્ડસ્ટ્રીઝ છે.

ગાંધીનગરની એસ.ઈ.ઝેડ ઈલેક્ટ્રોનિક્સ ઉભી કરવામાં આવી છે એની અંદર ટાઈપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, પી.સી.બી. એન્જીનિયરીંગ છે જેમાં હાલ પ્લોટ ઉપલબ્ધ છે. જેને પણ પ્લોટ જોઈએ તેને મળે છે. આઈ.ટી. પાર્ક પણ ૧૨ છે તેમાંથી ૧૧ પાર્કમાં પ્લોટો આજની તારીખે પણ ઉપલબ્ધ છે.

તેમણે સભ્યએ કરેલી ફરિયાદમાં તથ્ય નહિ હોવાનું જણાવતાં કહ્યુ હતુ કે તંત્રને પ્લોટોની અંદર હાઉસીંગ કોલોની થઈ હોય તેવી કોઈ ફરિયાદ મળી નથી.

બોર્ડના પરીક્ષાર્થીઓનો માર્ગ અવરોધતી

ગુડસ ટ્રેનનો સમય બદલવા ઉગ્ર માંગણી

ગાંધીનગર, તા.૨

આગામી તા. ૫મી માર્ચથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના બોર્ડના પેપર સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ કલાક દરમિયાન જયારે ધોરણ-૧૨ના બપોરે ૩ થી ૬ દરમિયાન લેવાશે. તમામ પરીક્ષાર્થીઓને પેપરના સમય કરતા એક કલાક વહેલા પરીક્ષાખંડમાં પહોંચી જવા સલાહ અપાઈ રહી છે પરંતુ ગાંધીનગર નજીકના ગ્રામ્ય વિસ્તારો જેવા કે પેથાપુર, પીંડારડા, પીંપળજ વગેરેના વિદ્યાર્થીઓને આ સમય સાચવવામાં રસ્તામાં આવતા રેલ્વે ફાટકને કારણે મુશ્કેલી નડે તેવી શકયતા છે. શહેરના જીઈબી પાવરહાઉસ ખાતે દરરોજ સવારે ૯.૩૦ થી ૧૦ના સમયગાળામાં કોલસો લઈને આવતી માલગાડી આવે છે જે આશરે ૫૮ થી ૬૦ કન્ટેનર્સ સાથેની હોવાને કારણે તે પસાર થઈ રહી હોય ત્યારે લાંબા

● અનુસંધાન પાન-૭ પર

વાહકજન્ય રોગચાળો અટકાવવા જન જાગૃતિ આવશ્યક છે : આર.આર. રાવલ

જિલ્લા મેલેરિયા શાખા દ્વારા મચ્છરદાની વિતરણનો છાલાથી આરંભ

ગાંધીનગર, તા. ૨

૨૦૨૨ સુધીમાં ગુજરાતને મેલેરિયા મુક્ત બનાવવાનું છે ત્યારે છાલા ગામ મેલેરિયા મુક્ત ગામ

બની ઉભરે તેવો આશાવાદ આજે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા મચ્છરદાની વિતરણ કાર્યક્રમનો પ્રારંભ કરાવતાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે વાહકજન્ય રોગચાળો એ લોકોની જાગૃતિથી અટકાવી શકાય છે તેમણે કહ્યું કે તંત્ર એકલા હાથે આ મોટા પડકારને પહોંચી શકે તેમ નથી એટલે લોકોની જાગૃતિ પણ એટલી જ આવશ્યક છે.

રાવલે જણાવ્યુ હતુ કે મચ્છરનો નાનો ડંસ ક્યારેક જાગૃતિના અભાવે અને સમયસર સારવારના અભાવે મોતનું કારણ બની શકે છે. આપણે જ આપણા રક્ષક એ સૂત્રને ચરિતાર્થ કરવા માટે આપણે જાગૃત બનવુ જ પડશે.

આ પ્રસંગે જિલ્લા મેલેરિયા અધિકારી સુશ્રી મમતા દત્તાણીએ મચ્છરદાની વિતરણ અંગેની વિગતે વાત કરી અને સમજાવ્યુ હતુ કે મચ્છરદાનીનું શું મહત્વ છે. તેમણે જણાવ્યુ હતુ કે આ મચ્છરદાનીથી શું લાભ થશે તે પણ ગણાવ્યા હતા.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ (ચૌધરી), કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકી, આરોગ્ય સમિતિના ચેરમેન નરેશજી ઠાકોર, છાલા કેળવણી મંડળના પ્રમુખ અને નિવૃત્ત અધિકારી એમ.બી. પટેલે પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા.

આ પ્રસંગે સપ્તધારાના સાધકો દ્વારા સુંદર લઘુ નાટિકા પણ પ્રસ્તુત કરાઈ હતી. પ્રારંભમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ત્રિવેદીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ તો આભારવિધિ પ્રાંતિયાના એમ.ઓ. આશિષ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લિંબાચીયાએ કર્યુ હતુ.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા મેલેરીયા ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગરમાં હરિયાળો વિસ્તાર ઘટીને ૯૨ ચોરસ કિ.મી. થયો

એક તબક્કે ૧૪૦ ચો.કિ.મી.ના વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો ચિંતાજનક : પર્યાવરણની જાળવણી અને જાગૃતિ માટે સરકાર ચિંતા કરે તે અત્યંત જરૂરી : બ્રિજેશ મેરજા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર એ જે રીતે ગ્રીનસીટીનું બિરૂદ ગુમાવ્યુ છે તે અંગે સરકારે ચિંતા કરવી જોઈએ અને જન જાગૃતિ માટેના સઘન પ્રયાસ કરવા જોઈએ તેમ વન વિભાગની પૂરક માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન બ્રિજેશ મેરજાએ ભાગ લેતાં જણાવ્યુ હતું.

મેરજાએ જણાવ્યુ હતુ કે વિશ્વમાં હરિયાળી બાબતે ભારત ૧૦મા ક્રમે, ગુજરાતમાં માત્ર ૪૨ જમીન વૃક્ષાચ્છાદિત તેમજ એક સમયે ગ્રીન સીટી તરીકે ઓળખાતા રાજ્યના પાટનગરમાં પહેલાં ૧૪૦ ચો.કિ.મી. વન વિસ્તાર હતો તે ઘટીને ૯૨ ચો.કિ.મી. થયો છે. આ ખુબજ ચિંતાનો વિષય છે.

દરમ્યાન વન વિભાગના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે ૨૦૧૭-૧૮માં ગાંધીનગર જિલ્લામાં અનામત વન ૨૦.૬૬ કિ.મી. રક્ષિત વન ૪.૨૮ કિ.મી., અ વર્ગીકૃત વન ૧.૪૧ કિ.મી. છે. જિલ્લાનો વન

વિસ્તાર ૨૦.૬૬ ચો.કિ.મી. છે. જે રાજ્યના વન વિસ્તારની સામે જિલ્લામાં વન વિસ્તાર માત્ર ને માત્ર ૦.૧૧ ટકા છે.

આ સૂત્રોએ સ્વીકાર્યુ છે કે ૨૦૦૪-૦૫ થી ૨૦૦૭-૦૮ સુધી જિલ્લામાં ૧૧૨.૯ કિ.મી. વન વિસ્તાર હતો. જેમાં અનામત વન ૬૪.૦૫ ચો.કિ.મી. હતો. જ્યારે અ વર્ગીકૃત વન ૪૮.૪ ચો. કિ.મી. હતો. પરંતુ દર વર્ષે તેમાં ક્રમશઃ ઘટાડો થતો રહ્યો છે અને ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં વૃક્ષાચ્છાદિત વિસ્તાર ઘટતાં ગાંધીનગરે તેની ઓળખ ગુમાવી છે.

ચોથી પુણ્યતિથિએ ભાવાંજલિ

સ્વ. યશવંતરાય બી. ભટ્ટ
સ્વર્ગવાસ તા. ૩/૩/૨૦૧૬

શું આપીએ અંજલી, શબ્દો ઓછી પડે છે.
શું આપીએ પુષ્પાંજલી, પુષ્પો ઓછા પડે છે.
અંજલિ અર્પણ કરીએ તો આંસુ સરી પડે છે.
તસવીર તમારી નિહાળતા અમારું હૈયું રડી પડે છે.
પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.
ગં.સ્વ. ઉર્મિલાબેન વાય. ભટ્ટ
રૂપલ કમલેશભાઈ દવે - રિદ્ધિ-હાર્દિકકુમાર
જિજ્ઞાસા સુકેતુભાઈ મહેતા - નિધિ-નિલકુમાર
દિપલ સમિરભાઈ નાણાવટી
કોશા - નિસર્ગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com